Gujarat Chamber of Commerce & Industry

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

Durgesh V. Buch
President
Natubhai Patel
Sr. Vice President
Bhargav Thakkar
Vice President
Sanjeev Chhajer
Secretary
Dilip M. Padhya
Secretary (R)
Pathik S. Patwari
Treasurer

૨ એપ્રિલ, ૨૦૨૦/૯૨૫૭૮

**શ્રી વિજયભાઈ રૂપાણી**
*માનનીય મુખ્યમંત્રીશ્રી*
ગુજરાત રાજ્ય, સ્વર્ણીમ સંકુલ
નવા સચિવાલય
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

**માનનીય મુખ્યમંત્રીશ્રી,**

**વિષય: હાલના અસાધારણ સંજોગોને ધ્યાનમાં લઈ માસ્ક, PPE, સેનીટાઈઝર અને ટેસ્ટીગ કીટને GST માંથી સંપૂર્ણ મુક્તિ આપવા બાબત.**
**સંદર્ભ: અમારો પત્ર તા. ૨૩-૩-૨૦૨૦, પત્ર નં.૨૫૬૪.**

આપની કુશળતા ઈચ્છુ છું !

હાલમાં દેશભરમાં વ્યાપી રહેલ કોરોના વાયરસની મહામારીને ધ્યાનમાં લેતા લોકોની સલામતી જાળવવા તેમજ આ મહામારીનો વ્યાપ વધે નહીં તે આશયથી માસ્ક, સેનીટાઈઝર,PPE તેમજ COVID-19 ટેસ્ટીગ કીટ ખુબજ ઉપયોગી બની રહે છે. હાલના સંજોગોને જોતાં આવનારા દિવસોમાં આ વસ્તુઓની માંગ ખુબજ વધે તેવી પુરેપુરી શક્યતાઓ છે.

સમયની જરૂરિયાતને ધ્યાનમાં રાખી અમોએ તા. ૨૩-૩-૨૦૨૦ ના રોજ આપશ્રીને માસ્ક, સેનીટાઈઝર, અને PPE ને GST માંથી સંપૂર્ણ મુક્તિ આપવા માટે વિનંતી કરતો પત્ર પાઠવ્યો હતો. હાલમાં વધતા COVID-19 ના નવા કેસોની ઝડપી તપાસ થાય તે ખુબજ અગત્યનું બન્યું છે તેથી COVID-19 ટેસ્ટીગ કીટને પણ GST માંથી તાત્કાલિક અસરથી સંપૂર્ણપણે મુક્તિ આપવા આ પત્રથી આપશ્રીને ફરી વાર વિનંતી કરીએ છીએ.

અમોને પુરી ખાત્રી છે કે આપશ્રી દ્વારા હાલના સંજોગોને ધ્યાનમાં રાખી લોક હિતમાં ત્વરિત સકારાત્મક નિર્ણય લેવામાં આવશે.

આપનો વિશ્વાસુ,

**દુર્ગેશ બુચ**
પ્રમુખ

**નકલ રવાના :**

૧. **શ્રી નીતિનભાઈ પટેલ,** માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય
૨. **શ્રી અનિલ મુકીમ (IAS),** ચીફ સેક્રેટરી, ગુજરાત રાજ્ય
૩. **ડૉ. જયંતિ રવી, (IAS),** પ્રિન્સીપલ સેક્રેટરી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય
૪. **શ્રી એમ. કે. દાસ, (IAS),** અગ્ર સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગુજરાત રાજ્ય
૩. **શ્રી જે. પી. ગુપ્તા, IAS,** ચીફ કમિશ્નર ઓફ સ્ટેટ ટેક્ષીસ ગુજરાત

Shri Ambica Mills - Gujarat Chamber Building,
Ashram Road, Ahmedabad- 380009. INDIA.
+91 - 79 - 2658 2301-2-3-4
gcci@gujaratchamber.org
www.gujaratchamber.org

Gujarat Chamber of Commerce & Industry
ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

તા. 23/03/2020 /12564

પ્રતિ,
શ્રી વિજયભાઈ રૂપાણી
માનનીય મુખ્યમંત્રીશ્રી,
ગુજરાત રાજ્ય

Durgesh V. Buch
President
Natubhai Patel
Sr. Vice President
Bhargav Thakkar
Vice President
Sanjeev Chhajer
Secretary
Dilip M. Padhya
Secretary (R)
Pathik S. Patwari
Treasurer

**વિષય : હાલના અસાધારણ સંજોગોને ધ્યાનમાં લઈ માસ્ક, PPE અને સેન્ટિટાઈઝરને GSTમાંથી સંપૂર્ણ મુક્તિ આપવા બાબત**

**માનનીય મુખ્યમંત્રીશ્રી,**

આપની કુશળતા ઈચ્છુ છું.

હાલમાં દેશભરમાં વ્યાપી રહેલ કોરોના વાઈરસની મહામારીને ધ્યાનમાં લેતા લોકોની સલામતી જાળવવા તેમજ આ મહામારીનો વ્યાપ વધે નહિ તે આશય થી માસ્ક અને સેન્ટિટાઈઝરની માંગ વધી છે અને આવનારા દિવસોમાં આ માંગ ઔર વધુ થાય તેવી પુરે પુરી શક્યતાઓ છે.

સમયની જરૂરિયાતને જોતાં અમારી આપ શ્રીને નમ્ર વિંનંતી તેમજ માંગ છે કે માસ્ક અને સેન્ટિટાઈઝરના ઉત્પાદન અને વેચાણને GST માંથી સંપૂર્ણ મુક્તિ આપવામાં આવે જેથી કરીને તેના ઉત્પાદનને વેગ મળે અને પૂરતા પ્રમાણમાં લોકો સુધી માસ્ક, PPE અને સેન્ટિટાઈઝર પહોંચાડી શકાય.

અમને પુરી ખાતરી છે કે આપશ્રી દ્વારા પરિસ્થિતિને ધ્યાને લઈ લોકહિતમાં ત્વરિત સકારાત્મનક નિર્ણય લેવામાં આવશે.

આપનો વિશ્વાસુ,

**દુર્ગેશ બુચ**
**પ્રમુખ**

**નકલ રવાના :**

1. **શ્રી નીતિનભાઈ પટેલ**, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી,ગુજરાત રાજ્ય
2. **શ્રી અનિલ મુકીમ, IAS**, ચીફ સેક્રેટરી, ગુજરાત સરકાર
3. **ડૉ. જયંતિ રવિ, IAS**, પ્રિન્સિપલ સેક્રેટરી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર
4. **શ્રી એમ. કે. દાસ., IAS**, પ્રિન્સિપલ સેક્રેટરી, ઉદ્યોગ અને ખાણ વિભાગ
5. **શ્રી જે.પી. ગુપ્તા, IAS** , ચીફ કમિશનર ઓફ સ્ટેટ ટેક્ષ, ગુજરાત